તળાવો ઉંડા ઉતારવાની / ખોદવાની ટેન્ડર કામગીરી હાથ ધરવા અંગે અને તેની કાર્યવાહી બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ,
**ઠરાવ ક્રમાંક: એસ-૨૦૦૮/૯૨૦/(૨)/પાર્ટ ફાઇલ-૨/ક.૩,**
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૧/૨૦૧૧.

**વંચાણે લીધા:-**

૧. ન.જ.સં.પા.પૂ. અને ક.વિ., ગાંધીનગર પરિપત્ર ક્રમાંક: એસ/૨૦૦૮/૯૨૦/(૨)/પાર્ટ-૨/ક.૩, તા.૧૧/૧૧/૨૦૦૯.

૨. ન.જ.સં.પા.પૂ. અને ક.વિ., ગાંધીનગર પરિપત્ર ક્રમાંક: એસ/૨૦૦૮/૯૨૦/(૨)/પાર્ટ-૧/ક.૩, તા.૧૫/૦૧/૨૦૧૦.

૩. ન.જ.સં.પા.પૂ. અને ક.વિ., ગાંધીનગર પરિપત્ર ક્રમાંક: એસ/૨૦૦૮/૯૨૦/(૨)/પાર્ટ-૧/ક.૩, તા.૪/૧૧/૨૦૧૦.

**આદેશ:-**

ગુજરાત રાજયમાં સપાટી જળસંચયની કામગીરી અન્વયે ગુજરાત રાજયના જુદા-જુદા વિસ્તારના સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના માન.ચેરમેનશ્રીઓની હાજરીમાં માન.મંત્રીશ્રી (જ.સં.)ની અધ્યક્ષતા હેઠળ તા.૧૬/૧૨/૧૦ના રોજ બેઠક યોજનાયેલ. આ બેઠકમાં હાજર રહેલ ચેરમેનશ્રીઓએ રજુ કરેલ મંતવ્યો અંગે સરકારશ્રીએ પુખ્ત વિચારણા કરીને નીચે મુજબ નિર્ણય કરેલ છે તેના અનુસંધાનમાં આ ઠરાવ કરવામાં આવે છે.

૧. તળાવ ખોદાણ/ઉંડા ઉતારવાની કામગીરીના તળાવોના પેકેજ બનાવી ટેન્ડરથી કરવા, જેમાં સામેલ કરવાના થતા સ્ટાન્ડર્ડ કોન્ટ્રાકટ કલોઝ બૂકલેટ્સના કલોઝ:૨૬ની જોગવાઇઓનો ક્ષેત્રિય અધિકારીશ્રીઓએ અમલ કરાવવાનો રહેશે.

૨. તળાવ ખોદાણ/ઉંડા ઉતારવાની કામગીરી શરૂ કરતા પહેલાના પ્રારંભિક લેવલ્સ તથા કામગીરી પૂર્ણ થયા બાદના આખરી લેવલ્સનું ક્રોસ ચેકીંગ થર્ડ પાર્ટી મારફતે અથવા ગુણવત્તા નિયમન એકમના નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી / કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા અથવા વર્તુળ કચેરી દ્વારા નિયત કરાયેલ આંતરિક વ્યવસ્થા કરીને કાર્યવાહી કરવાની રહેશે. આ લેવલ્સની કામગીરી દરમ્યાન લગત ગામના સરપંચશ્રી/શાળાના આચાર્યશ્રી/ગામની સેવા સહકારી મંડળી કે દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખશ્રીને હાજર રહેવા માટેની આગોતરા લેખિત જાણ કરવી.

૩. ટેન્ડર પધ્ધતિથી તળાવ ઉંડા ઉતારવાની / ખોદવાની કામગીરી સૌથી નીચા ભાવના ઇજારદારશ્રીને સોંપવામાં આવે ત્યારે એક જ ઇજારદારશ્રી પાસે વધારે ટેન્ડર પેકેજોની કામગીરી ન સોંપાય તથા કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરી શકાય તે માટે નીચે નિયત કરેલ ધારાધોરણો અધિક્ષક ઇજનેરશ્રીએ કરવાની રહેશે.

૧. "એએ" શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારશ્રીને વધુમાં વધુ ચાર ટેન્ડર પેકેજોની કામગીરી સોંપી શકાશે.

૨. 'અ' શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારશ્રીને વધુમાં વધુ ત્રણ ટેન્ડર પેકેજોની કામગીરી સોંપી શકાશે.

૩. આ સિવાયની અન્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારશ્રીને માત્ર એક જ ટેન્ડર પેકેજ સોંપી શકાશે.

૪. તળાવોની કામગીરી માટે ૨૦મી મે પછી પ્રગતિ હેઠળ હોય તો માટીકામ કામગીરી ગેરરીતિ ન થાય તે માટે અઠવાડીયામાં બે વાર લેવલ્સ લેવાના રહેશે.

૫. તળાવો ઉંડા ઉતારવાની કામગીરી સીધા (વર્ટીકલ) કે ખોદાણના સ્વરૂપે નહિ પરંતુ નિયત કરેલ ઢોળાવના સ્વરૂપે જ કરવાનું રહેશે. જો આ પ્રકારનું ખોદાણ નહિ હોય તો સબંધિત તળાવના નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી / સેકશન અધિકારીશ્રીની અંગત રીતે જવાબદારી ગણવામાં આવશે.

૬. તળાવો ઉંડા, રમણીય અને સ્થાનિક પર્યટક સ્થળ તરીકે ઉપયોગમાં આવે તેથી ભૌમિતિક રીતે કામગીરીનું આયોજન સબંધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી / સેકશન અધિકારીશ્રીએ કરવાનું રહેશે.

૭. તળાવ ખોદાણ કામગીરીના ઇજારદારશ્રીએ સુચના મુજબ તળાવના પાળાની મજબુતાઇ માટે તથા હિત ધરાવતા સ્થળો કે રસ્તાઓના પુરાણ/સુધારણા માટે ખોદાણ કરેલ માટી નાખવાની રહેશે. ઇજારદારશ્રી દ્વારા ખાનગી સંસ્થાને કે વ્યક્તિને ખોદાણની માટી આપવાની પરવાનગી માંગે અને કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા પરવાનગી આપવામાં આવે તો નીચે મુજબની વસુલાત કરવાની રહેશે.

(૧) વધારાની લીડની રકમ અને માટીના ડમ્પરદીઠ રૂા.૨૦૦/-ની માટીની કિંમત પેટે રકમની વસુલાત કરવાની રહેશે, પરંતુ જો ઇજારદારશ્રી પરવાનગી મેળવ્યા સિવાય અનઅધિકૃત રીતે માટીનું વેચાણ કરે અથવા બિનઅધિકૃત સ્થળે માટી નાખેલ જણાય તો પ્રતિ ડમ્પરદીઠ રૂા.૩૦૦/-ની રકમ વસુલ કરવાની રહેશે.

આ સિવાય ડમ્પરને બદલે ટ્રેકટર ટ્રોલી અથવા મોટી સાઇઝના ડમ્પરો હોય તો જથ્થાના આધારે (સાધનની માટી ભરવાની ક્ષમતાના આધારે) કાર્યપાલક ઇજનેર નિયત દરની રકમ નક્કી કરીને વસુલાત કરવાની રહેશે.

આ નીતિનો અમલ આ વર્ષ પુરતી પ્રાયોગિક ધોરણે પૂરતો છે.

૮. દક્ષિણ ગુજરાત વિસ્તારમાં રૂ.૨૫.૦૦ લાખની મર્યાદામાં તળાવોના ખોદાણ કે તળાવો ઉંડા ઉતારવાની કામગીરીની જરૂરીયાત અંગે પાણીનો આવરો અને સ્થળસ્થિતિ મુજબ હયાત ક્ષમતાની ચકાસણી કરીને તળાવના ખોદાણ/ઉંડા ઉતારવાની કામગીરી હાથ ધરવાનો નિર્ણય તથા ખોદાણની માટીના વપરાશ અંગેના સ્થળ નિર્દેષન વગેરે બાબતે ખાતરી કરી અધિક્ષક ઇજનેરશ્રીએ કામગીરી હાથ ધરવા ભલામણ કરવી.

૯. અગાઉના વર્ષમાં મંજુર થયેલ અથવા ખોદાણ કામગીરી હાથ ધરેલ તળાવો જે તે વખતના સ્થાનિક કારણોસર હાથ ધરી શકાયેલ ના હોય તેવા તળાવોની કામગીરી પુન: શરૂ કરવાની અનુકૂળતા ઉપલબ્ધ થાય તો તે વિસ્તારના માન.ધારાસભ્યશ્રી/સંસદસભ્યશ્રીની લેખિત અનુમતિ મેળવી ધારાધોરણો મુજબ સ્થળ ચકાસણી અને કાર્યવાહી કરી આવા તળાવોની કામગીરી કરાવવી.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન.મંત્રીશ્રી (જ.સં.)ની અનુમતિ મેળવીને કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી. જે. દેસાઇ)
ઉપસચિવ (ઉ.ગુ.),
નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ.

**નકલ રવાના પ્રતિ, :-**

૧. મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી,
૨ મુખ્ય ઇજનેર (મ.ગુ.) અને અધિક સચિવશ્રી.
૩ મુખ્ય ઇજનેર (સૌ.) અને અધિક સચિવશ્રી.
૪ મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી.
૫ મુખ્ય ઇજનેર (પં.) અને અધિક સચિવશ્રી.

સત્વરે જરૂરી કાર્યવાહી અર્થે તથા આપના નિયંત્રણ હેઠળના અધિક્ષક ઇજનેરશ્રી / કાર્યપાલક ઇજનેરશ્રીને અમલીકરણ અર્થે સુચનો પાઠવવા સારુ.

૬ વહીવટી સંચાલકશ્રી, જી.એલ.ડી.સી.
૭ વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લી.
૮ માન.મંત્રીશ્રી (જ.સં.)ના અંગત મદદનીશની નમ્ર જાણ સારુ.
૯ સચિવશ્રી (જ.સં.)ના અંગત મદદનીશની નમ્ર જાણ સારુ.
૧૦ આઇ.ટી.સેલ., સદર બાબત વેબસાઇટ પર રજુ કરવા અંગે.